ક્રમાંક/મઉમશબ/ગે.નિ.શા/૨૦૨૬/1219-1253

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,

ગાંધીનગર. તા. ૨૯/૦૫/૨૦૨૬

પ્રતિ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ, ગુજરાત રાજ્ય.

વિષય:- બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાઓમાં CCTV કેમેરાની વ્યવસ્થાને વધારે અસરકારક અને પરિણામલક્ષી બનાવવા અંગે.

ઉપર્યુકત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જુન-૨૦૨૬માં લેવાનાર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષા સંદર્ભે આપના જીલ્લાની સીડી વ્યુઈંગ તેમજ કોપીકેસ તૈયાર કરવા અંગેની કામગીરી વધારે સારી રીતે અને અસરકારક થઈ શકે તે માટે મહત્વપૂર્ણ સૂચનાઓ અમલ કરવા સારું આપને મોકલી આપવામાં આવે છે.

આથી જુન-૨૦૨૬માં લેવાનાર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષા દરમિયાન CCTV કવરેજ અસરકારક રીતે કરવાનું છે. જે અંગેની નીચે દર્શાવેલ સૂચનાઓ આપવામાં આવે છે. જે ધ્યાને લઇ પરીક્ષા કામગીરી વિશ્વસનીય અને પારદર્શક બનાવવા જરૂરી કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

જે શાળાને છેલ્લા ૩ વર્ષમાં મંજૂરી મળેલી હોય અને તે શાળાને પરીક્ષા કેન્દ્ર ફાળવેલ હોય તો તેવી શાળાની નોંધણીની શરત મુજબ CCTVની વ્યવસ્થા ફરજીયાત હોવી જરૂરી છે. જે બાબત ધ્યાને લેશો. આપના જિલ્લામાં એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે તમામ પરીક્ષા કેન્દ્રો CCTV નાં ઇન્સ્ટોલેશનથી સજ્જ હોય, CCTV કેમેરા કાર્યરત હોય તેમજ CCTV ફૂટેજની DVDમાં વીડીયો રેકોર્ડીંગ તૈયાર કરીને તેની DVD વ્યવસ્થિત રીતે તૈયાર થાય.

વધુમાં એ કાળજી રાખવાની રહેશે કે તમામ વર્ગખંડમાં CCTV કેમેરા મૂકાય તે ઉપરાંત બિલ્ડિંગ કંડક્ટરની રૂમમાં પણ CCTV કેમેરા ચાલુ હાલતમાં હોય.

આપના જિલ્લા ખાતે જુના / નવા તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે CCTV કેમેરા ચાલુ હોવા અંગેનો અહેવાલ તાત્કાલિક નાયબ નિયામકશ્રી પરીક્ષાને મોકલી આપવાનો રહેશે.

-: CCTV ની વ્યવસ્થા તેમજ DVD અંગે સ્થળસંચાલક માટેની સૂચનાઓ :-

1. જુન-૨૦૨૬ની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પુરક પરીક્ષાની બિલ્ડીંગમાં (તમામ બ્લોક, આચાર્યની કેબીન તથા અન્ય જરૂરી સ્થળો પર) CCTV કેમેરા લગાડવા ફરજીયાત છે.
2. બિલ્ડીંગ ખાતે પરીક્ષા માટે ઉપયોગમાં લેવાતા તમામ બ્લોકના CCTV કેમેરા ચાલુ સ્થિતિમાં હોવા જોઈએ. CCTV કેમેરાનું ફૂટેજ સ્પષ્ટ હોવું જોઈએ અને સમગ્ર બ્લોકને આવરી લે તે રીતે કેમેરાના એન્ગલ ગોઠવવાના રહેશે. જો CCTV કેમેરા ચાલુ સ્થિતિમાં ન હોય કે તેમાં ખામી હોય તો સ્થળ સંચાલકે પરીક્ષા અગાઉ કે દરમિયાન કેમેરા / સિસ્ટમ રીપેર કે રીપ્લેસ કરવા અંગે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.
3. પરીક્ષા સમય દરમિયાન જો રૂમમાં શંકાસ્પદ હિલચાલ જણાય તો તાત્કાલિક સ્થળસંચાલક દ્વારા પગલાં લેવાના રહેશે.
4. કેન્દ્ર સંચાલક દ્વારા સમગ્ર પરીક્ષા માટે એક કમ્પ્યુટરના જાણકાર કર્મચારીને CCTV અંગેની કામગીરી સોપવી.
5. દરેક બ્લોકમાં કેમેરાની સામેની બાજુની દીવાલ પર SSC/HSC પરીક્ષાનો બ્લોક નંબર દર્શાવતો કાગળ લગાડવાનો રહેશે (સ્પષ્ટ અને મોટા અક્ષરે બ્લોક નંબર દર્શાવવો). કેમેરાની સામે દરેક બ્લોકમાં સ્ટાન્ડર્ડ સમય મેળવેલી ઘડિયાળ ગોઠવવી.
6. CCTV કેમેરામાં સુપરવાઈઝર વ્યવસ્થિત દ્રશ્યમાન થાય તે જરૂરી છે. આ માટે પરીક્ષાની શરૂઆતમાં વર્ગખંડ નિરીક્ષક CCTV / ટેબલેટની સામે ઊભા રહી પોતાનું નામ અને વિષયનું નામ તથા વિષય નંબર અને પરીક્ષા કેન્દ્રનો કોડ નંબર અવશ્ય દર્શાવવા.
7. પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ સ્થળ એટલે કે એન્ટ્રી ગેટ રેકોર્ડીંગની અલગ ફાઈલ બનાવવી. એ જ રીતે સ્ટ્રોંગ રૂમ રેકોર્ડીંગની પણ અલગ ફાઈલ બનાવવી.
8. પરીક્ષાખંડનું પરીક્ષા સમયથી ૧૫ મિનિટ પહેલા અને ૧૫ મિનિટ પછી સુધીનું સળંગ રેકોર્ડીંગ કરવાનું રહેશે.
9. સ્થળસંચાલકોએ પરીક્ષાસ્થળો ખાતે CCTV ફૂટેજની DVDમાં વિડીયો સાથે રેકોર્ડીંગ તૈયાર કરીને દરેક દિવસની DVD બે કોપીમાં તૈયાર કરવી. જેમાં એક કોપી પર બોર્ડ કોપી લખવું અને બીજી કોપી પર DEO કોપી લખવું. તે બંને કોપી જે તે ઝોનમાં જમા કરાવવી. દરેક તારીખનું રેકોર્ડીંગ શાળાના મુખ્ય PC માં સાચવવું.
10. પરીક્ષા સમય પૂર્ણ થયા બાદ DVR માથી VLC પ્લેયરમાં ચાલે તેવા ફોર્મેટમાં બેકઅપ લેવું. (જો DVR માંથી VLC પ્લેયરમાં ચાલે તેવી ફાઇલ ન બનતી હોય તો જે પ્રકારની ફાઈલ આપો છો, તે જે સૉફ્ટવેરમાં જોઈ શકાય તે સોફ્ટવેરનું પ્રોગ્રામ સેટઅપ DVD માં મોકલવાનું રહેશે).

11. બેકઅપ કરેલ ફાઈલને RE-NAME કરી તારીખ, સમય, વિષય અને બ્લોક નંબરની સ્પષ્ટ વિગત સાથે SAVE કરવી. ત્યારબાદ DVD બનાવવી.

12. દરેક બ્લોકની બેકઅપ ફાઈલ જુદી હોવી જોઈએ સ્ક્રીન પર એક સાથે એક થી વધુ બ્લોક દેખાતા હોય તેવું સ્ક્રીન રેકોર્ડીંગ ચાલશે નહિ.

13. એક DVD માં ત્રણથી વધુ બ્લોકનું રેકોર્ડીંગ રાઈટ ના કરવું.

14. DVD રાઈટ કર્યા બાદ તેની ઉપર સ્કૂલ નામ, સેન્ટર કોડ, બ્લોક નં, તારીખ, સમય, વાર, વિષય, વિષય કોડ, અને અન્ય જે કોઈ ડેટા અપલોડ કર્યા હોય તેની વિગત લખવી. ઉપરાંત દરેક દિવસની/તારીખ વાઈઝ DVD ને એક મુખ્ય પેકેટમાં રાખી પેકેટ ઉપર આ તમામ વિગત આવી જાય તેવી રીતે લખવી.

15. જિલ્લાશિક્ષણાધિકારીશ્રીને પરીક્ષાના CCTV કેમેરા કાર્યપ્રણાલી અને રેકોર્ડીંગ નિદર્શનનો સંક્ષિપ્ત લેખિત અહેવાલ સ્થળ સંચાલકે સરકારી પ્રતિનિધિ મારફત રોજેરોજ દિવસે મોકલવાનો રહેશે. (આ કામગીરી અંગે વહીવટી મદદનીશની મદદ લઇ શકાશે.)

16. પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓ અને ખંડ નિરીક્ષકની કામગીરીનું સતત રેકોર્ડિંગ અને નિદર્શન થવું જોઈએ. DVD નિદર્શન કાર્યવાહીનું પત્રક આ સાથે સામેલ પરિશિષ્ટ-G માં આપેલ છે. જે રોજે-રોજ ભરવાનું રહેશે અને જે તે દિવસની DVD પાર્સલ સાથે બે કોપીમાં ઝોનલ મારફતે બોર્ડને મોકલવાનું રહેશે.

## -: CCTVની વ્યવસ્થા તેમજ DVD અંગે જિલ્લાશિક્ષણાધિકારી તેમજ ઝોનલ અધિકારીશ્રી માટેની સૂચનાઓ :-

1. પરીક્ષા કેન્દ્રો ખાતે CCTVના મોનીટરીંગ માટે જિલ્લા કક્ષાએથી એક ટીમ બનાવી રોજેરોજ તેનું મોનીટરીંગ થાય તે જરૂરી છે.

2. તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે CCTV કેમેરા દરેક પરીક્ષા ખંડ, ડીસ્પેચ રૂમ તથા આચાર્યનાં રૂમમાં હોય તે જરૂરી છે અને તેનું સઘન મોનીટરીંગ ગોઠવાય તે જરૂરી છે.

3. ઝોનલ અધિકારીશ્રીએ CCTVની DVDનું રજીસ્ટર બનાવવું. જેમાં રોજેરોજની તમામ પરીક્ષા કેન્દ્રોની મળેલ DVDની વિગતોની નોંધ કરવી. જે પરીક્ષા કેન્દ્રની DVD ન મળી હોય તેને તાત્કાલિક મોકલવા માટે જણાવવું. DVD યોગ્ય રીતે તૈયાર કરેલ ના હોય તો સ્થળસંચાલકને તાત્કાલિક તે માટે જરૂરી સૂચના આપવી જરૂર જણાય ત્યાં DVDની કોપી હાર્ડડિસ્કમાં સેવ કરવાની રહેશે.

4. CCTV કેમેરાનું ડીસ્પ્લે ચાલુ પરીક્ષાએ સરકારી પ્રતિનિધિ અને એક અન્ય કર્મચારીની આ કામ માટે નિમણૂક જિલ્લા કક્ષાએથી DEOએ કરીને તેઓ બંને સંયુકત રીતે જુએ, જે-તે દિવસની પરીક્ષા પૂર્ણ થયે નમૂનાનાં પત્રકમાં વિગતો ભરી ઝોનલ ઓફિસરને સુપરત કરવાની રહેશે.

અહેવાલમાં દર્શાવેલ વાંધાજનક બાબતો અંગે જિલ્લા કક્ષાએ એક ટુકડી બનાવી રોજેરોજ તે ચકાસી તેનો નિયત નમુનામાં અહેવાલ DVD સાથે બીજા દિવસે બોર્ડની કચેરીમાં નાયબ નિયામકશ્રી (પરીક્ષા)ને પહોંચાડવાનો રહેશે. ઝોનલ ઓફિસરે ખાતરી કરવાની રહેશે કે તમામ વર્ગોની DVD લીસ્ટ સાથે જિલ્લા કક્ષાએ અહેવાલ સાથે મોકલવામાં આવી છે કે કેમ, જિલ્લા કક્ષાની ટીમે ચેકલીસ્ટ બનાવી રોજેરોજ તમામ શાળાની DVD મળી છે કે કેમ, તે અંગે ખાતરી કરવાની રહેશે અને જો તેમાં કોઈ વાંધાજનક બાબતો (સુપરવિઝન અને પરીક્ષાર્થી સંબંધી) જોવા મળે તો તે અંગે તાત્કાલિક પગલા ભરવાના રહેશે અને કરેલ કાર્યવાહીની લેખિત જાણ ઝોનલ ઓફિસરને તેમજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને કરવાની રહેશે.

5. અત્રેથી મળતી ગ્રાન્ટનો ઉપયોગ DVD જોવામાં રોકેલ માણસોને નિયમાનુસાર મહેનતાણું આપવામાં જ થઇ શકશે. અન્ય કોઈ કામગીરીનાં હેતુસર આ પૈસાનો ઉપયોગ કર્યેથી બિલો મંજૂર કરવામાં આવશે નહી. DVD ખરીદવા માટેનો ખર્ચ પરીક્ષા બિલ્ડીંગનાં મહેનતાણા બિલમાં કરવાનો રહેશે.
6. પરીક્ષાની કામગીરીમાં બેદરકારી રાખવા સબબ જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ બાબતે ઝોનલ અધિકારીશ્રીએ સરકારી પ્રતિનિધિને પણ જરૂરી સૂચના આપી અમલીકરણ માટે તકેદારી રાખવાની રહેશે.
7. રોજબરોજનાં CCTV નાં ફૂટેજ જોઇને સામેલ નમુનામાં તેનું રીપોર્ટીંગ કરવાનું રહેશે. કોઈ કારણસર જો રેકોર્ડીંગ અહેવાલ અને DVD તે જ દિવસે અચૂક રીસીવિંગ સેન્ટર ઉપર મોકલી આપવાની રહેશે. આ DVD બે નકલમાં તૈયાર કરવાની રહેશે અને તેની સાથે કોઈ પ્રકારના ચેડા ન થાય તેની કાળજી લેવાની રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એ પ્રમાણિત કરવાનું રહેશે કે આ DVDમાં કોઈ પણ જાતનું ટેમ્પરિંગ કરવામાં આવેલ નથી.

<u>-: પરીક્ષા દરમિયાન વીજપુરવઠો જાળવવા બાબત :-</u>

1. ધોરણ-૧૦ અને ધો-૧૨ની બોર્ડની પરીક્ષા દરમિયાન તમામ પરીક્ષા કેન્દ્રો પર સતત વીજ પુરવઠો ચાલુ રહે તે માટે સ્થાનિક વીજ વિતરણ કંપનીઓના SE ને તેમજ ટ્રાન્સમિશન કંપનીના જવાબદાર અધિકારીશ્રીને પત્ર લખીને તેમજ રૂબરૂમાં ચર્ચા કરીને આ અંગે વ્યવસ્થા ગોઠવશો.
2. પરીક્ષા દરમિયાન વીજ વિતરણ કંપની દ્વારા મેન્ટેનન્સની કામગીરી ન કરવામાં આવે પરંતુ પરીક્ષા પહેલાં મેન્ટેનન્સની કામગીરી કરવામાં આવે તે અંગે સ્થાનિક વીજવિતરણ કંપનીના અધિકારી સાથે સંકલન કરીને વ્યવસ્થા ગોઠવશો.
3. સ્થાનિક વીજ વિતરણ કંપની દ્વારા પરીક્ષા દરમિયાન વીજ પુરવઠાની Log Book નિભાવવામાં આવે તેવી વ્યવસ્થા કરશો.

4. જિલ્લા કક્ષાની પરીક્ષા સમિતિની બેઠકમાં આ અંગે ચર્ચા વિચારણા કરીને જરૂરી વ્યવસ્થા થાય તે પ્રમાણે કાર્યવાહી કરશો.

વધુમાં CCTV કામગીરીની તૈયારી માટે આપની કક્ષાએથી વિગતો અત્રે સમયસર મળી જાય એ માટે જરૂરી પ્રબંધ કરશો. આ અંગે પરીક્ષા કેન્દ્રના સંચાલકો સાથે અગાઉથી બેઠક કરીને સંપૂર્ણ આયોજન ગોઠવવાનું રહેશે. આ અંગે આપ અંગત કાળજી રાખશો. આ સમગ્ર કામગીરીના અસરકારક અમલ થકી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પુરક પરીક્ષા વિદ્યાર્થીઓ ભયમુક્ત વાતાવરણ અને તણાવરહિત આપી શકે તે સુનિશ્ચિત કરવા આપના દ્વારા જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ, બોર્ડ.
ગાંધીનગર

<u>નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે:-</u>

- નાયબ નિયામકશ્રી (SSC), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી (સા.પ્ર.), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી (વિ.પ્ર), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના</u>

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- માન. નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.